Ascension
St. Vincent

**Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ)**

**St. Vincent Anderson Regional Hospital, Inc. (સેન્ટ વિન્સેન્ટ એન્ડરસન રિજનલ હોસ્પિટલ, ઇન્ક.) જે Ascension St. Vincent Anderson (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ એન્ડરસન) તરીકે વ્યવસાય કરે છે**

# નાણાકીય સહાય નીતિનો સારાંશ

Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ), ઉપરોક્ત સૂચિબદ્ધ આરોગ્ય મંત્રાલયો સહિત, આરોગ્યસંભાળ સેવાઓને ઍક્સેસ કરવા માટેના અવરોધો સાથે સંઘર્ષ કરતા લોકો માટે વિશેષ ચિંતા સાથે દરેક વ્યક્તિના ગૌરવ માટે પ્રતિબદ્ધતા અને આદર ધરાવે છે. Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ) સમગ્ર સમુદાયની સેવા તરીકે તેના આરોગ્યસંભાળ સંસાધનોનું સંચાલન કરવાની સમાન પ્રતિબદ્ધતા ધરાવે છે. આ સિદ્ધાંતોને આગળ વધારવામાં, Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ) ચોક્કસ વ્યક્તિઓ માટે નાણાકીય સહાય પૂરી પાડે છે જેઓ Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ)થી કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ મેળવે છે. આ સારાંશ Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ) ની નાણાકીય સહાય સંબંધી નીતિની સંક્ષિપ્ત ઝાંખી પ્રદાન કરે છે.

## કોણ પાત્રતા ધરાવે છે?

જો તમે Ascension St. Vincent Anderson એસેન્શન સેન્ટ વિન્સેન્ટ એન્ડરસન પ્રાથમિક સેવા વિસ્તારમાં રહો છો, જો કે તે વિશિષ્ટ નથી, જે મધ્ય ઇન્ડિયાનામાં મેડિસન કાઉન્ટી છે, તો તમે નાણાકીય સહાય મેળવી શકો છો. સામાન્ય રીતે નાણાકીય સહાય ફેડરલ ગરીબી સ્તરની સરખામણીમાં તમારી કુલ ઘરેલુ આવકના આધારે નક્કી થાય છે. જો તમારી આવક ફેડરલ ગરીબી સ્તરના 250% કરતા ઓછી અથવા બરાબર છે, તો તમે જે ચાર્જ માટે જવાબદાર છો તેના ભાગ પર તમે 100% ચેરિટી કેર રાઈટ ઓફ લઈ શકો છો. તમારી આવક ફેડરલ ગરીબી સ્તરનાં 250% કરતા વધુ છે પરંતુ ફેડરલ ગરીબી સ્તરનાં 400% કરતાં વધી ન હોય તો તમને ઘટતા સ્કેલ પર ડિસ્કાઉન્ટ સાથેનો દર મળશે. જો તમારી પાસે કટોકટી અને તબીબી આવશ્યક સંભાળ માટે તબીબી દેવું છે અને જે તમારી આવક કરતા વધારે છે, તો તમે છૂટ માટે પાત્ર છો. જો તમારી પાસે તમારી ફેડરલ ગરીબી સ્તરની આવકની રકમના 250% થી વધુ સંપત્તિ હોય, તો તમે નાણાકીય સહાય માટે લાયક ન હોઈ શકો. જે દર્દીઓ નાણાકીય સહાય માટે પાત્ર છે તેમને વીમા કવરેજવાળા દર્દીઓ પાસેથી સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમ કરતાં પાત્ર સંભાળ માટે વધુ ચાર્જ લેવામાં આવશે નહીં.

## કઈ સેવાઓ આવરી લેવામાં આવી છે?

નાણાકીય સહાય નીતિ કટોકટી અને અન્ય તબીબી રીતે જરૂરી કાળજીને લાગુ પડે છે. આ શબ્દો નાણાકીય સહાય નીતિમાં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. અન્ય તમામ સંભાળ નાણાકીય સહાય નીતિ દ્વારા આવરી લેવામાં આવતી નથી.

## હું કેવી રીતે અરજી કરી શકું?

નાણાકીય સહાય માટે અરજી કરવા માટે, તમે સામાન્ય રીતે લેખિત અરજી પૂરી કરશો અને સહાયક દસ્તાવેજો આપશો કે જે નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ અરજીમાં દર્શાવેલ છે. એપ્લિકેશન અને સહાયક દસ્તાવેજો બંને ફાઇનાન્સિયલ કાઉન્સેલિંગ / કેશિયર્સ ઓફિસ પર પરત કરવા જોઈએ અથવા Ascension St. Vincent, PFS Dept/Self Pay Team/Confidential, PO Box 713441, Chicago, IL 60677-4341 પર મેઇલ કરવા જોઈએ.

## હું અરજી બાબતે કેવી રીતે મદદ મેળવી શકું?

નાણાકીય સહાય નીતિ એપ્લિકેશનમાં મદદ માટે, તમે Ascension St. Vincent Anderson (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ એન્ડરસન), ફાઇનાન્સિયલ કાઉન્સેલર, ગિફ્ટ શોપની પાછળના ફ્રન્ટ એન્ટ્રન્સનો સંપર્ક કરી શકો છો અથવા 765-646-8240 પર ફોન દ્વારા સંપર્ક કરી શકો છો.

## હું વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?

નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ અરજી ફોર્મની નકલો અહીં અને તમામ દર્દી નોંધણી વિભાગોમાં ઉપલબ્ધ છે https://healthcare.ascension.org/Financial-Assistance/Indiana. નાણાકીય સહાય સંબંધી નીતિ અને નાણાકીય સહાય સંબંધી નીતિ એપ્લિકેશનની મફત નકલો ગ્રાહક સેવા ટોલ ફ્રી ફોન# 866-435-2078 પર કૉલ કરીને મેઇલ દ્વારા મેળવી શકાય છે. નાણાકીય સહાય નીતિ વિશેની વધારાની માહિતી Ascension St. Vincent Anderson (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ એન્ડરસન), ફાઇનાન્સિયલ કાઉન્સેલર, ગિફ્ટ શોપની પાછળના ફ્રન્ટ એન્ટ્રન્સ અથવા 765-646-8240 પર ફોન દ્વારા પણ ઉપલબ્ધ છે.

## જો હું પાત્ર નથી તો શું?

તમે નાણાકીય સહાય નીતિ હેઠળ નાણાકીય સહાયને પાત્ર ન હો તો, તમે અન્ય પ્રકારની સહાય માટે પાત્રતા ધરાવતા હોઈ શકો છો. વધુ માહિતી માટે, કૃપા કરીને Ascension St. Vincent Anderson (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ એન્ડરસન), ફાઇનાન્સિયલ કાઉન્સેલર, ગિફ્ટ શોપની પાછળના ફ્રન્ટ એન્ટ્રન્સનો અથવા 765-646-8240 પર ફોન દ્વારા સંપર્ક કરો.

**નાણાકીય સહાય નીતિ, નાણાકીય સહાય નીતિ એપ્લિકેશન અને સૂચનાઓના ભાષાંતર અને આ સાદી ભાષાનો સારાંશ અમારી વેબસાઇટ પર અને વિનંતી પર નીચેની ભાષાઓમાં ઉપલબ્ધ છે: સ્પેનિશ, ફ્રેન્ચ, ચાઇનીઝ અને અરબી**